



**ગૌસેવક રાજુભાઈની હત્યા મામલે ગોપાલક સમાજ દ્વારા વિશાળ સંખ્યામાં રેલી કાઢી નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું**

ધાનેરામાં ગોપાલક સમાજ અને સર્વ હિન્દૂ સમાજ ધ્વરા વિશાળ સંખ્યામાં રેલી કાઢી ધાનેરા નાયબ કલેકટરને આવેદનપત્ર આપી ગૌસેવક રાજુભાઈની હત્યા બાબતે તટસ્થ તાપસની માંગણી કરી છે. ધાનેરામાં ગોપાલક સમાજ અને સર્વ હિન્દૂ સમાજ ધ્વરા વિશાળ સંખ્યામાં રેલી કાઢી ધાનેરા નાયબ કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે કડી તાલુકાના ખેરપુર ગામના વાતની રાજુભાઈ દેસાઈ ગૌસેવક હતા અને અને ગેરકાયદેસર કતલખાના બંધ કરાવવા માટે કામગીરી કરી રહ્યા હતા પરંતુ કસાઈ અને અસામાજિક તત્વોએ સાથે મળી ગૌસેવક રાજુભાઈની ઘાતકી હત્યા કરી નાખતા ધાનેરા સહીત સમગ્ર ગુજરાતમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે ત્યારે આ તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી જીણવટભરી તાપસની માંગ કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં વાદળો-ઉઘાડની વચ્ચે મેઘરાજા રીસામણા કરતા ઉકળાટ, અસહ્ય ગરમી

## મોંઘા બિયારણ અને મહેનત એળે જવાના એંધાણ, જગતનો તાત ચિંતિત

મોડાસા,તા. ૬

અરવલ્લી જીલ્લામાં વાવણીલાયક વરસાદ થતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો અને મોંઘા બિયારણ ખરીદી સારા વરસાદની આશાએ વાવણી કાર્ય પુરજોશમાં આદરી દઈ વાવણી પૂર્ણ કરવામાં આવી હતી. મેઘરાજાએ વાદળો-ઉઘાડની આવન-જાવન વચ્ચે વરસાદી માહોલ જમાવાના બદલે મેઘરાજાએ એક સપ્તાહથી વધુના સમયથી વિરામ લેતા ખેડૂતો ચિંતિત બન્યા છે. તેમના મહામુલા પાક પર મુરઝાવાની દહેશત પેદા થતા વરસાદ નહિ પડે તો રાતાપાણીએ રોવાનો વારો આવશે. ખેડૂતો આકાશ તરફી મીટ લગાવી બેઠ્યાં છે. ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે વરસાદે વિરામ લેતા જિલ્લાના વાતારણમાં અસહ્ય ઉકળાટ અને ગરમીથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે ખેડૂતો અને પ્રજાજનો આતુરતાપૂર્વક મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે.



અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની મોડી પધરામણી થયા બાદ ધબધબાટી બોલાવતા ખેડૂતોએ મોંઘાભાવે બિયારણ ખરીદી તનતોડ મહેનત કરી કપાસ, અડદ, મકાઈ, ગવાર સહીત અન્ય જમીનને અનુરૂપ વાવણી કાર્યપૂર્ણ કર્યા બાદ વરસાદી ઝાપટા પડતા ખેડૂતો નિશ્ચિન્ત બન્યા હતા. સતત આકાશે વાદળોની ઘેરાબંધીથી સારા વરસાદની આશાઓ ઠગારી નીવડતા ખેડૂતો કુદરત સામે લાચારી અનુભવી રહ્યા છે. બે-ચાર દિવસમાં વરસાદ નહિ પડે તો ખેડૂતોની હાલત કફોડી બની જશે. ભૂમિપુત્રોને મોંઘા બિયારણ, ખાતર નિષ્ફળ જવાની ભીતિ પેદા થતા અને ખેતમજૂરી માટે ચુકવેલ નાણાં અને તનતોડ મહેનત માથે પાડવાની દહેશત પેદા થઈ છે. ખેડૂતો સારા વરસાદની આશા સેવી રહ્યા છે. એક સપ્તાહથી વધુ સમય વીતવા છતાં મેઘરાજાએ હાથતાળી અપાતા હવે શુ થશે..? ની ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

અરવલ્લી જીલ્લામાં વરસાદે વિરામ લેતા અસહ્ય-ઉકળાટ અને બફારાથી લોકો પરસેવે રેબઝેબ બનતા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભારે ચોમાસે ગ્રીષ્મ ઋતુની યાદ અપાવી દીધી છે. વહેલી સવારે આકાશે વાદળો ગોરંભાતાં અને ધીરે ધીરે વેરાતાં સૂર્યનારાયણના દર્શન થતા વાદળો અને સૂર્યની સંતાકૂકડીની રમતથી પ્રજાજનો વિમાસણમાં મુકાયા છે. મેઘરાજા મનમુકીને વર્ષે અને વાતાવરણમાં ઠંડક થાય તેવી મીટ લગાવી બેઠા છે.

# શામળાજી પોલીસે ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૫૪ ગૌવંશને બચાવવામાં સફળ

શામળાજી, તા. ૬

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ, પશુ તસ્કરી અને વિવિધ કેફી પદાર્થોની મોટાપાયે અસામાજિક તત્વો હેરાફેરી કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના વડા મયુર પાટીલે ઘૂસણખોરી અટકાવવા શખ્ત સૂચના આપતા જીલ્લા પોલીસતંત્ર હરકતમાં આવી જતા અસામાજિક તત્વોમાં ભય ફેલાયો છે. શામળાજી પોલીસે વેણપુર ગામનજીકથી ટ્રકમાં ગેરકાયદેસર કતલખાને લઈ જવાતું



ગૌવંશ ઝડપી પાડી ૧ આરોપીને દબોચવામાં સફળ રહી હતી. ટ્રકમાં મુશ્કેટાટ હાલતમાં ભરેલ ૭૨ ગાય-વાછરડામાંથી ૧૮ ગૌવંશે દમ તોડી દેતા ૫૪ ગૌવંશ જીવિત હાલતમાં મળી આવ્યા હતા ટ્રક ચાલકે પોલીસથી બચવા અન્ય ટ્રકો સાથે અકસ્માત સર્જી ટ્રક-કન્ટેનર રોડ પર મૂકી પોલીસને થાપ આપી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. શામળાજી પોલીસે વેણપુર ગામની સીમમાંથી રવિવારે રાત્રીના ૧ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી ગૌવંશ ભરેલી ટ્રક (ગાડી.નં. યુપી. ૨૧.બીએન.૮૬૧૭)માં બિનઅધિકૃત રીતે વગર પાસ પરમીટે ગાય વાછરડાને મુશ્કેટાટ હાલતમાં ખીચોખીચ ભરેલા અને ઘાસચારા પાણીની વ્યવસ્થા કર્યા વગર કતલખાને લઈ જવાતા ૫૪ જીવિત હાલતમાં અને ૧૮ મૃત હાલતમાં મળી આવ્યા હતા ૫૪ જીવિત ગાય-વાછરડા ટ્રક જપ્ત કરી શેરૂ ખાજું ન્યારગર (મુસલમાન) રહે, બોતલગંજ નીચલાવાસ મંદસોર, મધ્યપ્રદેશની ધરપકડ કરી ફરાર ટ્રક ડ્રાઈવર ગુલામ મેવાતી (રહે, મલારગઢ, ભાંડખાના, મધ્યપ્રદેશ) વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનયમનં અને પ્રાણી અત્યાચાર કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ગૌસેવક રાજુભાઈની હત્યા મામલે

# મહેસાણામાં રેલી બાદ અધિક કલેકટરને આવેદનપત્ર, માલધારી સમાજમાં રોષ

મહેસાણામાં આજે મોટી સંખ્યામાં માલધારી સમાજે પોતાના સમાજના એક યુવાનની કરપીણ હત્યાને પગલે યોગ્ય ન્યાય અને હત્યારાઓને સજા સહિત પોલીસ દ્વારા તેમના સમાજમાં કરેલી ખોટી ફરિયાદ પરત લેવા માટે મોટી સંખ્યામાં માલધારી સમાજ દ્વારા મહેસાણામાં રેલી કાર્ય બાદ અધિક કલેકટરને આવેદન આપીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

મહેસાણા જિલ્લામાં આવેલા ખેરપુર ગામના રહીશો પશુપાલન સહિત ખેતી પર નભતું ગામ છે આ ખેરપુર ગામના ગૌરક્ષક અને પશુપાલક રાજુભાઈ રબારીની ગત તારીખ તા.૨૫ના રોજ કસાઈયો દ્વારા સામુહિક રીતે ઘાતીકીય હથીયારો સાથે મળીને ઘાતકીય રીતે હત્યા કરી હતી જે મામલના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર માલધારી સમાજમાં પડ્યા હતા. જ્યારે સમગ્ર ગુજરાતમાં માલધારી સમાજ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન આપવામાં આવી ચુક્યું છે જ્યારે આજે મહેસાણા જિલ્લા માલધારી સમાજ દ્વારા મોટી સંખ્યામાં સમગ્ર મહેસાણા શહેરમાં મૌન રેલી યોજાઈ હતી. જે મહેસાણાના મ્યુનિસિપલ ગ્રાઉન્ડથી નીકળીને બે કિલોમીટર લાંબી રેલીમાં હજારોની સંખ્યામાં માલધારી સમાજ જોડાયો હતો. જ્યારે માલધારી સમાજના જુદા જુદા સંગઠનો આ રેલીમાં જોડાયા હતા. જ્યારે માલધારી સમાજ દ્વારા હત્યારાઓને કડકમાં કડક સજા થાય અને ગૌરક્ષકોને સુરક્ષા મળે તે સહિત સમાજના લોકોની સામે જે ખોટી ફરિયાદ થવા ગઈ છે તે પાછી લેવામાં આવે તેવી માંગ આ રેલીના આયોજક દ્વારા કરવામાં આવી હતી તેમ જીતુ રાયકા, ગોરસ પ્રમુખ મહેસાણાએ જણાવ્યું હતું.

# ભિલોડામાં પ્રભારી મંત્રીના લોકસંપર્ક કાર્યક્રમમાં ૭૩ પ્રશ્નોની રજુઆત

ભિલોડા, તા. ૬

ભિલોડા મામલતદાર કચેરીના હોલમાં અરવલ્લી જીલ્લા પ્રભારી મંત્રીના લોક સંપર્ક કાર્યક્રમમાં ૭૩ પ્રશ્નોની રજુઆત જાગૃત પ્રજાજનો ધ્વારા કરાઈ હતી. પાણી, હેન્ડપંપ, પોલીસ ચોકી, રસ્તાઓ, ગટરો, કોઝ-વે, ડીપ,ગેરકાયદેસર દબાણો, ટ્રાફીક, એસ.ટી. બસની સમસ્યા સહિત વિવિધ પ્રાણ પ્રશ્નો સંદર્ભે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પ્રભારી મંત્રી રમણલાલ પાટકરએ હકારાત્મક જવાબો આપી નિરાકરણ લાવવાની હૈયાધારણા આપી હતી. અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, પી.સી.બરંડા, નીલાબેન મડીયા, ગજાનંદભાઈ પ્રજાપતી, ગુણવંતભાઈ ત્રિવેદી, અંબિકાબેન ગામેતી, ભીખાભાઈ પટેલ, રસીકાબેન ખરાડી સહિત સરપંચો, જીલ્લા કલેકટર, ડી.ડી.ઓ., ડી.એસ.પી., મામલતદાર, ટી.ડી.ઓ., તલાટીઓ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતામાં ખાણી-પીણીની હોટલોમાં ખૂલ્લેઆમ બાળ મજુરીના કાયદાનો થઈ રહ્યો છે સરેઆમ ભંગ

## નાસ્તામાં વપરાશ માટે બગડેલા મરચાનો પણ સ્ટોક નજરે પડી રહ્યો છે : માલસામાન પણ ખૂલ્લેઆમ જોવા મળી રહ્યો છે

અંબાજી, તા. ૬

દાંતા ગામની હોટલોમાં બાંધેલો લોટ તેમજ બનાવેલ મસાલો પણ ખુલ્લેઆમ જોવા મળી રહ્યો છે અને તેના પર મચ્છરોનો ઉપદ્રવ પણ છે. નાસ્તામાં વપરાશ માટે લેવામાં આવતાં મરચાં પણ સડી ગયેલા છે. ખુલ્લેઆમ તેના પર મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં જ્યારે પાણીપુરી પર પ્રતિબંધ લગાવવાની સરકાર તૈયારી કરી રહી છે. ત્યારે દાંતા ગામની હોટલોમાં અવનવી ચીજવસ્તુઓ બનાવવામાં આવતા માલસામાન ખુલ્લેઆમ પડી રહી છે. તેમજ આ હોટલોના માલિકો પણ કોઈ પણ પ્રકારના કાયદાના ડર વગર બાળ મજુરો રાખીને તેમનું શોષણ કરી રહ્યા છે. આ હોટલો પર અચાનક મુલાકાત કરતાં હોટલોમાં ખાણી-પીણી બનાવવા માટે કાચું માલસામાન પણ ખુલ્લેઆમ જોવા મળી રહ્યો હતો અને બાંધેલા લોટ પર તેમજ કચોરીના મસાલા પર મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. તેમજ નાસ્તામાં વપરાશ માટે બગડેલા મરચાંનો સ્ટોક નજરે પડી રહ્યો હતો અને બાળમજૂરો પણ મજૂરી કરી રહ્યા હતા. આ બાબતે ફૂડ વિભાગ દ્વારા બાળમજૂર વિભાગ દ્વારા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા લગામ લગાવવામાં આવે તેવી દાંતાના વાસીઓની માંગ છે.







સાબરકાંઠાના તલોદ બજારમાં આજે આડેધડ ખડકાયેલી લારીઓ, કેબીનો અને પાથરણાના દબાણો દૂર કરવા માટે નગરપાલીકાએ નાટકીય કવાયત હાથ ધરી હતી. અનેકવાર આવી કામગીરી કરી છે... ને કલાક બાદ લારીઓવાળા પાછા આવી ગોઠવાઈ જાય છે. પાલીકાવાળા આ માટે સતત જાગતા નહી રહેતા હોવાથી દબાણકર્તાઓ મનફાવે તેમ પહોળા થઈ રહ્યા છે. તલોદ પોલીસ અને નગરપાલીકા બંને આ તમાશો કાયમ જુએ છે પણ દબાણ કાયમી માટે હટાવાતા જ નથી. જેના કારણે વેપારી બજારોમાં આક્રોશ ફેલાયો છે. કેટલાક વર્ષોથી તલોદમાં આવા દબાણોએ ભારે મનમાની કરીને દબાણો વધારેજ રાખ્યા છે. આમે નગરપાલીકા મૂક અને બધિક જેવા વહિવટ કરતા ગે.કા. લારીવાળી જગ્યાના પણ હવે તો હજારોમાં ભાવ બોલાય છે. બીજી તરફ કરદાતા અસહ્ય વેપારીઓની હાલત કફોડી બની છે. તેમની દુકાન સુધી વાહન આવે જવાનો પણ રસ્તો રહ્યો નથી. જેથી તેઓએ ગતવર્ષે લડત ચલાવી હતી. પણ રાજકીય કાદવમાં તેમાં ક્યાંક ફાટફૂટ થવા પામી લાગે છે. આજે હટાવી દેવામાં આવેલી લારીઓમાંથી ઘણીબધી લારીઓ તેઓના ગમતા સ્થળે પાછી ગોઠવાઈ ગઈ હતી. અને પાલીકાના ચીફ ઓફિસરે થોડુક કામ કરી વાઘ માર્યાનો સંતોષ અનુભવ્યો હતો.

# વિશ્વ આદિવાસી દિવસે વિશેષ પેકેજ જાહેર કરવા માંગ

ગાંધીનગર, તા. ૬

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ ઘોષિત કરવામાં આવેલ છે. અને વિશ્વમાં ૧૪૧ દેશોમાં વિશ્વ આદિવાસી દિવસની અનેક વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યની કુલ વસ્તીની ૧૫ ટકાથી વધારે વસ્તી આદિજાતિની છે. આદિજાતિ સંસ્કૃતિને પ્રોત્સાહન મળે, આદિજાતિ વિસ્તારની પ્રજાને આ દિવસની જાણકારી મળી રહે અને આદિજાતિ સંસ્કૃતિથી નવી પેઢી જાગૃત બને તે ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે અને સરકારી રાહે આ દિવસની ઉજવણી કરવામાં આવે તે આવશ્યક છે તેમજ રાજ્ય સરકાર દ્વારા આ દિવસે સરકારી કચેરી તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવે તેવી રજુઆત રાજેન્દ્ર પારધીએ કરી હતી.

ઉમરગામથી અંબાજી વિસ્તારના વિકાસ માટે ખાસ પેકેજ જાહેર કરવા તેવી પણ તેઓએ માંગણી કરી છે. આદિજાતી વિસ્તારમાં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંત સમયથી ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ અટકી ગયેલ છે જેને કારણે દિન-પ્રતિદિન શહેરી વિસ્તારમાં આદિજાતિ વિસ્તારના બેરોજગારોને સ્થળાંતર કરવાની ફરજ પડે છે તે સંદર્ભે તાકીદે જરૂરી પગલાં લેવા જોઈએ.



સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં મહેશભાઈ અમીચંદભાઈ પટેલની પુનઃ ચેરમેન તરીકે અને રાજેન્દ્રસિંહ ભાટીની વાઈસ ચેરમેન પદે બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# ડીસામાં બાળકીઓને સેનેટરી પેડનું નિઃશુલ્ક વિતરણ

ડીસા, તા. ૬

ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રીની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનું સુચારુ અમલીકરણ થાય અને જનસમુદાયમાં જાગૃતતા આવે તે અર્થે ડીસાની બાળકીઓને આજે વિનામૂલ્યે સેનેટરી નેપકીનનું વિતરણ કરાયું હતું.ડીસાની સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલીત સર્વોદય હાઈસ્કૂલમાં યોજાયેલા કાર્યક્રમમાં ડીસા લો કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજુલબેન દેસાઈએ દીકરીઓને સ્વચ્છતા અને સ્વાસ્થ મુદ્દે સજાગ રહેવા સલાહ આપી શારીરિક અને માનસિક પરિસ્થિતિ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય જગદીશભાઈ પરમાર તથા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રના ભીખાભાઈ ચૌધરી અને રમેશભાઈ ચૌધરીએ પણ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો.

# અરવલ્લી જિલ્લાના નિયુક્ત એસપી મયુર પાટીલની સ્વચ્છ છબીથી ભ્રષ્ટ અધિકારી અને કર્મચારીઓમાં ફફડાટ

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા અને દારૂબંધીનો રાજ્ય સરકારે બનાવેલ શખ્ત કાયદો ફક્ત કાગળ પર જ અમલવારી થતી હોય તેવા દ્રશ્યો જીલ્લામાં ઠેર ઠેર જોવા મળતા બુટલેગરો અને અસામાજિક તત્વોને હપ્તાખોરીની લાલચમાં છાવરતા અને છત્રછાયા પુરી પાડતા કેટલાક અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓમાં પોલીસવડા કે.એન. ડામોરની બદલી થતા તેમના સ્થાને આવેલ નવયુવાન અને સ્વચ્છ છબી ધરાવતા મયુર પાટીલની નિમણુંક થતા ફફડાટ ફેલાયો છે. કેટલાક અધિકારીઓના અને કર્મચારીઓના પેટમાં તેલ રેડાયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. અગાઉ મહીસાગર જીલ્લામાં એએસપી તરીકે તેમની કામગીરી જોતા ગુજરાતમાં દારૂબંધીના કાયદાની અમલવારી માટે અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ઘુસાડાતો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ પર બ્રેક લગાવવાની વિશેષ જવાબદારી સત્વરે નિભાવે તેવી પ્રતિભાને નિહાળી અરવલ્લી જીલ્લામાં જિલ્લા પોલીસ વડા તરીકે નિમણુંક આપવામાં આવી હોવાની ગૃહ રાજયવિભાગના આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.



પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત યુવાન પોલીસવડા સ્વચ્છ છબી ધરાવતા હોવાથી અને તેમની એએસપી તરીકેની મહીસાગર જીલ્લામાં કરેલી કામગરી અને કાર્યશૈલીથી કાયદો અને વ્યવસ્થાની શખ્ત અમલવારી જીલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વાકેફ હોવાથી ફરજમાં આળસ દાખવતા અને બેદરકાર રહેતા અને હપ્તારાજથી ટેવાયેલા હોવાથી ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને અમલવારીની આડમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ ખિસ્સા ભરતા હોવાની અનેક બૂમો વચ્ચે આવા ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સામે લાલ આંખ કરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે. કેટલાક કર્મચારીઓ વર્ષોથી એકજ પોલીસ સ્ટેશન અને પોલીસતંત્રની વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા હોવાથી તેમનું કદ વધી ગયું હોય તેવું વર્તન કરતા હોવાનો અહેસાસ જીલ્લાવાસીઓ અનુભવતા હોવાથી એક જ જગ્યાએ એનકેન પ્રકારે ચીપકી રહેલા કર્મચારીઓની બદલી કરવામાંની માંગ જિલ્લાવાસીઓમાં પ્રબળ બની છે.

શામળાજી પોલીસ સ્ટેશની હદમાં કન્ટેનરમાં રહેલ વિદેશીદારૂની ચોરી પ્રકરણમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ ચૌહાણ ને સસ્પેન્ડ કરવામાં આવતા શખ્ત કાયદાકીય પગલાં ભરાતા લોકોએ પોલીસવડા મયુર પાટીલની કામગીરીને આવકારી શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓની સાગમેટે બદલી કરવામાં અને અગાઉ વિદેશી દારૂ ચોરીની કેટલી ઘટનાઓ બની અને પ્રોહી એક્ટ હેઠળ જપ્ત કરાયેલા વિદેશી દારૂના પગ કરી જવાનું મોટું કૌભાંડ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું હોવાથી જિલ્લા પોલીસવડા તે દિશામાં પણ તપાસ કરે તેવું જાગૃત નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયા નિમિત્તે મહિલા કૃષિ દિનની ઉજવણી

મહિલા સશક્તિકરણ પખવાડિયા નિમિતે આજ તા. ૬/૮/૨૦૧૮ના રોજ અરવલ્લી જિલ્લાના તમામ તાલુકામાં મહિલા કૃષિ દિનની ઉજવણી કરવામાં આવી જેમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સબલપુર ખાતે એકતા કોલ્ડ સ્ટોજમાં રાખવામાં આવેલ હતો. જેમા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હર્ષીત ગોસાવી, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલ, નાયબ પશુપાલન નિયામક ડો. બી.એમ. સરગરા, નાયબ બાગાયત નિયામક જે.કે. પટેલ, નાયબ ખેતી નિયામક અશ્વિનભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ મોડાસા શ્રીમતી ભાવનાબેન જયદીપભાઈ પટેલ, ઉપપ્રમુખ શંકરભાઈ રબારી, સબલપુર સરપંચ તથા ૧૫૦ મહિલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા, જેમા તમામ અધિકારી દ્વારા મહિલાઓને ખેતી અને પશુપાલન માટે તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. સરકારશ્રીની ખેતી, પશુપાલન અને બાગાયતલક્ષી યોજનાઓથી મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મહિલાઓ પોતે નિર્ણય લેતી થાય અને તમામ ક્ષેત્રમા આગળ વધે તે બાબતે પ્રોત્સાહન આપવામાં આવેલ હતુ. મહિલા કૃષિ દિન નિમિત્તે અરવલ્લી જિલ્લાના તમામ તાલુકામાં મહિલા ખેડૂતો માટે કૃષિ વિભાગે મહિલા ખેડૂતો માટે તાલીમ શિબિરનું આયોજન કરી ખેતી, બાગાયત અને પશુપાલન અંગે તાંત્રિક માર્ગદર્શન પૂરુ પાડેલ હતુ.